Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ


| પુસ્તક ૪૯ મું. | આત્મ સં. ૫૫ | સંવત ૨૦૦૮. |
|---|---|---|
| અંક ૧૨ મો. | તા. ૧૫-૭-૫૨ | અસાડ. |

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જિન સ્તવન ... ... ... ... | (શ્રી વિજયલબ્ધિસૂરી૦ મ૦) | ૧૬૫ |
| ૨ | શ્રી મહાવીર જિન સ્તવન... ... ... ... | (મુનિ૦ શ્રી દક્ષવિજય મ૦) | ૧૬૫ |
| ૩ | બોધશતક ... ... ... ... | (આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિ૦ મ૦) | ૧૬૬ |
| ૪ | શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ ... ... ... | (પ્રો૦ હીરાલાલ ર. એમ. એ.) | ૧૬૭ |
| ૫ | સોળમા શ્રી નમિપ્રભ જિન સ્તવન... ... | (ડૉ૦ વલ્લભદાસ નેણુભીભાઇ-મોરબી) | ૧૬૯ |
| ૬ | અમારા તથા અન્ય સાતિય સંબંલી બ્રીટીશ સરકારના લાઇબ્રેરીયનના પત્રો ... | | ૧૭૨ |
| ૭ | આરોગ્યની કુંચીઓ ... ... ... | (શ્રી કમળા બ્હેન સુતરીયા એમ. એ.) | ૧૭૫ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... | | ૧૭૬ |
| ૯ | આ૦ શ્રી વિજયવલ્લભસૂરી૦ મ૦ના પરિવારના ચાતુર્માસો ... ... ... | | ૧૭૬ |
| ૧૦ | અહિંસા ... ... ... ... ... | (સં૦ શ્રી પુણ્યવિજયજી મ૦) | ૧૭૭ |
| ૧૧ | સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... | | ૧૭૮ |


## "શ્રી કલ્પસૂત્ર-(સચિત્ર)"

શ્રી કલ્પસૂત્ર એ આપણો મહાન પૂજ્ય ગ્રંથ છે. દર વર્ષે પવિત્ર પર્યુષણાપર્વમાં પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચે છે. શ્રદ્ધાપૂર્વક સાંભળનારા ભાઇઓ આરાધનાવડે થોડા વખતમાં મોક્ષગામી બને છે.

જ્યાં નાના મોટા ગામ-ગામડાઓમાં જ્યાં પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ થતાં નથી, ત્યાંના જૈન બંધુઓને કલ્પસૂત્ર સાંભળવાની તક મળતી નથી, તેવા ગામોના કેટલાક જૈન બંધુઓ તરફથી અમોને સચિત્ર કલ્પસૂત્ર (ટીકાના અનુવાદવાળું) ગુજરાતી ભાષામાં સરલ ભાષાંતર કરાવી પ્રગટ કરવા સુચના ઘણા વખતથી થયા કરે છે, જો કે અત્યારે છાપકામ, ચિત્રકામ, કાગળો વગેરેની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં શ્રી મહાવીર પ્રભુના જીવન પ્રસંગના રંગીન ફોટાઓ સાથે ઉંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવતાં શુમારે રૂા. ૬૦૦૦) છ હજાર રૂપીયા ખર્ચના થાય તેમ છે. (એક બંધુ કે બે ત્રણ બંધુઓ મળી તેટલું ખર્ચ આપશે તો તેમના જીવનચરિત્ર સાથે ફોટા આપવામાં આવશે.) ધનાઢ્ય જૈન બંધુઓએ આર્થીક સહાય આપી આવા જ્ઞાનોદ્ધાર અને અનેક ગામડાઓમાં જ્યાં જ્યાં આ ગ્રંથ જશે ત્યાં ત્યાં પવિત્ર પર્યુષણપર્વમાં અનેક જૈન બંધુઓ બ્હેનો સાંભળી લાભ લેશે તેમજ પર્યુષણ કર્તવ્યો કરી આત્મકલ્યાણ સાધશે તેનો અનુમોદના વગેરે લાભ આર્થિક સહાય આપનારને વર્ષોનાવર્ષો સુધી મલશે.

એક હજાર કોપી છપાશે તેમાં અમારા લાઇફમેમ્બરને ધારા પ્રમાણે ભેટ આપતાં બાકીની તમામ કોપીઓ આર્થિક સહાય આપનારની સુચના અને જરૂરીયાત હશે ત્યાં સભા અમુક શરતે ભેટ મોકલશે.

લાભ લેવો હોય તેમણે આ સભાને પત્ર લખી જણાવવું.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. અશાડ પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી જુલાઇ ૧૯૫૨ :: અંક ૧૨ મો.


## શ્રી સામાન્ય જિન સ્તવન.

( રાગઃ–ઘર આયા મેરા પરદેશી. ફિલ્મ–આવારા )

જિનરાયા મેરે ગુણરાશી, ધ્યાન કીયા મેરે શુભ મન મેં.
તું શીરતાજ હમેરા હૈ, નિશદિન ધ્યાન તુમેરા હૈ;
જાલ બુઝાદો ભવવનકી. જિનરાયા. ૧
પ્રભુ મુજ છોડકે મત જાના, તું મેરે કર્મ છોડા જાના;
અરજી **લબ્ધિ** તન મનકી. જિનરાયા. ૨

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા.

## શ્રી મહાવીર જિન સ્તવન.

( મોર અંગનામેં આઓ મહારાજ—એ રાહ ).

મોરે મંદિરિયે આઓ મહાવીર!
વીર બિન સુનાં જીવનીયાં;
આનંદ મંગલકાર!, અંગના કીજે પાવનીયાં–
વીર બિન સુનાં જીવનીયાં. મોરે૦ ૧
ભક્તિકેરાં તોરનીયાં બંધાઉં,
અંગિયાં રચાઉં, રંગિયાં મચાઉં;
સમતા રસકે (૨), પુષ્પોંસે પૂજું ચરનીયાં. મં૦ ૨
શ્રદ્ધાકેરી આરતિયાં ઉતારું,
ભાવના જગાઉં, વાસના ફગાઉં;
બિખરે બિખરે કર્મોંકી કાલી બદરિયાં. મં૦ ૩
મૈત્રીકેરી બાસુરિયાં બજાઉં,
ધૂનકો મચાઉં, મનકો નચાઉં;
દિલસે દિજે, **દક્ષ** કો મુક્તિ નગરિયાં. મંદિ૦ ૪

મુનિરાજશ્રી **દક્ષવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધશતક.

પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

નિર્દોષ સજ્જન માણસો પ્રાણાન્તે પણ બીજાના દોષોને ગ્રહણ કરતા નથી પણ સદોષી માણસો પારકા દોષો ગ્રહણ કરવામાં જ મહત્વતા સમજે છે. ૪૭

જે દોષોને કાઢે છે તે એક પ્રકારના સજ્જન છે પણ દુર્જન નથી કારણ કે દોષો કાઢીને આત્મશુદ્ધિ કરનાર સજ્જન હોય છે. ૪૮

છિદ્રાન્વેષી, તને નમસ્કાર થાઓ કારણ કે તારા પ્રસાદથી અમે નિર્દોષ રહી શકીએ છીએ અને તારા ભયથી અપકૃત્યો સેવતા નથી. ૪૯

કોઇ પણ કાર્યમાં સ્ખલના થવાના અવસરે હિતૈષીની જેમ તું રોકે છે અને ભૂલથી દોષો કરતા હોઇએ તો તું યાદ દેવડાવે છે. ૫૦

સ્પર્ધા અને ઇર્ષ્યા ઉપરથી તો એક સરખી લાગે છે પણ અંદરથી તો સૂર્યપ્રકાશ તથા અંધકારની જેમ મોટું અંતર છે. ૫૧

ઇર્ષ્યા આત્માના ગુણોને હણવાવાળી છે તેમ જ ચિંતા તથા શોકને આપવાવાળી છે અને સ્પર્ધા આત્માની ઉન્નતિ કરીને શાંતિ તથા પ્રમોદ આપે છે. ૫૨

સ્વચ્છંદતા કયારેય પ્રાણીઓને સુખના માટે થતી નથી પણ નિરંકુશ હાથીની જેમ સ્વ-પરનો વિનાશ કરવાવાળી થાય છે. ૫૩

અનાદિ પરતંત્રતામાંથી પ્રાપ્ત થયેલી સ્વતંત્રતા સુખને પ્રગટ કરે છે તેમ જ હાસ્ય, ક્રોધાદિ અંતરંગ શત્રુનો નાશ કરીને આત્મવિકાસ કરે છે. ૫૪

જ્યાંસુધી સંસારને તું ગુણદૃષ્ટિથી જુએ છે ત્યાં સુધી તું તેને છોડી શકીશ નહિં માટે સંસારને તું ગુણદૃષ્ટિથી જોવાનું છોડી દે. ૫૫

અનિત્યાદિ બાર ભાવનાઓમાં સંસારનું નિર્ગુણપણું બતાવ્યું છે જેથી સંસારનું સાચું સ્વરૂપ સમજાય છે અને તેથી જીવો ભ્રાન્તિ ટાળીને સાચે રસ્તે જાય છે. ૫૬

પહાડ ઉપર ચઢવાની જેમ આત્માને ઉંચે ચઢાવવો મુશકેલ છે; પણ વિનિપાત-નીચે પડવું થોડા શ્રમથી થાય છે તેથી તે સુલભ છે. ૫૭

સંસારમાં મૂર્ખ માણસો મરવું જાણતા નથી માટે બુદ્ધિશાળી માણસોએ સર્વજ્ઞ-મહાપુરુષો જેવા રીતે નિર્વાણ પામ્યા છે તેવી રીતે મરતાં શીખવું જોઇએ. ૫૮

બુદ્ધિશાળીઓએ કોઇની પણ સાથે વૈરવિરોધ ન કરવો જોઇએ કારણ કે તે વિરોધથી જીવો અનેક જન્મ સુધી આપસમાં એક બીજાને દુઃખ આપનારા થાય છે. ૫૯

આશ્ચર્યની વાત છે કે કોઇને જો મૂર્ખ કહીએ તો તે રીસે બળે છે પણ જો તેને-તમે ઘણા જ વિદ્વાન તથા બુદ્ધિશાળી છો એમ કહીએ તો તે પોતાને મોઢે જ પોતાને મૂર્ખ જણાવે છે. ૬૦

બારણું ઉઘાડી ઘરમાં આવનાર માણસને પૂછવામાં આવે કે કોણ છે? તો તેના ઉત્તરમાં જ કોઇ નહિં એમ કહેવાનો રિવાજ છે કે જેને અસત્ય કહી શકાય પણ કોઇ નહિ, એ શબ્દ પરિચિત માણસનો સંકેત હોવાથી વ્યવહારમાં અસત્ય માનતા નથી. ૬૧

તું દુર્ગુણી છે એવું વચન ખુશીથી સાંભળવાની કોઇ પણ ઇચ્છા રાખતું નથી; પણ તું દુર્ગુણી છે એમ કહેવું ઘણા માણસોને ગમે છે. ૬૨

સારી રીતે પરિણામ વિચારીને બીજાની સાથે મૈત્રીનો સંબંધ કરવો કારણ કે સંબંધ કર્યા પછી કોઇ વખત પ્રતિકૂળતાથી વિચાર તથા વર્તનમાં ભેદ પડે તો પશ્ચાત્તાપ થતો નથી. ૬૩

શ્રેયાર્થીઓએ બહારનો આડંબર જોઇને મુંઝાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

## અભ્યાસ માટેના સાધનો.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિઆ એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ )

આ સંબંધમાં મને એક બીજો વિચાર પણ આવે છે. **જિનરત્નકોષ** (વિભાગ ૧, પૃ. ૩૪૯) માં **સિદ્ધસેન** દિવાકરની કૃતિ તરીકે **વિંશતિ-દ્વાત્રિંશિકા**ની નોંધ છે એટલું જ નહિ પણ એની એક હાથપોથી છાણીના ભંડારમાં અને બીજી અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારમાં હોવાનો ઉલ્લેખ છે. આ વિચારતાં મને બે પ્રશ્ન સ્ફુરે છે.

(૧) શું આ ખરેખર **સિદ્ધસેન** દિવાકરની કૃતિ છે?

(૨) એમ જ હોય તો એમાં કઇ કઇ દ્વાત્રિંશિકાને સ્થાન અપાયું છે? એમાં એકવીસમી-**મહાવીર-દ્વાત્રિંશિકા**નો સમાવેશ થાય છે ખરો?

[૧]મુદ્રિત એકવીસ બત્રીસીઓમાં એના નામ પ્રમાણે પ્રત્યેકમાં બત્રીસ બત્રીસ પદ્યોની આશા રખાય, પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. એકવીસમી બત્રીસીમાં એક પદ્ય અને દસમીમાં બે વધારે છે, જ્યારે ૮, ૧૧, ૧૫ અને ૧૯ એ ક્રમાંકવાળી બત્રીસીઓમાં અનુક્રમે ૨૬, ૨૮, ૩૧ અને ૩૧ પદ્યો છે. આમ બેમાં વધારે પદ્ય તે ચારમાં ઓછાં પદ્ય છે તો તેનું શું કારણ? શું આવી જ રચના પ્રથમથી હશે કે કોઇએ ૧૦ મી અને ૨૧ મી બત્રીસીમાં પદ્ય ઉમેરેલ હશે કે પ્રસ્તુત ચાર બત્રીસીઓ પૂર્ણ હોવા છતાં એનાં પદ્યો કાલાંતરે લુપ્ત થયાં છે? સામાન્ય રીતે તો એમજ મનાય કે દરેક બત્રીસીમાં બત્રીસ બત્રીસ પદ્યો તો હોવાં જ જોઇએ અને ઉપસંહારાત્મક બત્રીસીમાં એકાદ પદ્ય વધારે સંભવે.

મુદ્રિત એકવીસ બત્રીસીઓ સમકાળે-**સિદ્ધસેન** દિવાકરે આચાર્ય બન્યા પછી જ અને તે પણ અહીં સૂચવાયેલા ક્રમે જ રચી છે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. સંભવ છે કે કોઇ કોઇ બત્રીસી એઓ સૂરિ બન્યા તે પૂર્વેની રચના હોય અને કોઇક એમણે સંસારીપણામાં-દીક્ષા લીધી તે પૂર્વે પણ રચી હોય. મુદ્રિત બત્રીસીઓમાં જે ક્રમ છે તે પાછળ કોઇ વિશિષ્ટ હેતુ જણાતો નથી. કોઇકે આ પ્રમાણે સંગ્રહ ગોઠવી તો નહિ દીધો હોય?

૧ આની પ્રસ્તાવનામાં કહ્યું છે કે "ઘણી પ્રતો તો વીશ બત્રીશીવાલી જ મલી છે. એક પ્રતમાં જ એકવીશમી મહાવીર દ્વાત્રિંશિકા હતી તે અહીં દાખલ કરી છે. શા કારણથી તે બત્રીશી બીજી પ્રતોમાં નહિ હોય તે કહી શકાતું નથી."

---

જેવું નહિં પણ મનોવૃત્તિ પારખી લેવી જોઇએ જેથી શ્રેયનો માર્ગ ભૂલાશે નહિં. ૬૪

જે આપણા દોષો કાઢે છે તે આપણો શત્રુ નથી પણ મિત્ર છેઃ કારણ કે તે આપણામાંથી દોષો કાઢે છે પણ નાંખતો નથી. ૬૫

જે ક્ષેત્રમાં શુભાશુભનો ઉદય થવાનો હોય છે તે ક્ષેત્રમાં કોઇ પણ નિમિત્તથી જઇને જીવ ઉદય અનુસાર સંપત્તિ-વિપત્તિ મેળવે છે. ૬૬

જન્માંતરોના સંસ્કારોને લઇને અણસમજુ બાળક પણ પોતાનો અપરાધ સ્વીકારતું નથી તો પછી સમજણવાળો માનવી પોતાના અપરાધને કેવી રીતે સ્વીકારે? ૬૭

કોઈ માણસમાં દોષ જણાય અને કહેવાની ઇચ્છા થાય તો બીજાની આગળ ન કહેતાં હિત-બુદ્ધિથી દોષી માણસને કહેવું કારણ કે પીઠ પાછળ બીજાની પાસે કોઇના દોષ કહેવાથી દોષી માણસ દ્વેષી થાય છે અને કહેનારો દુર્જન તથા નિંદકના નામથી ઓળખાય છે. ૬૮ (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ૨૧ બત્રીસીઓ છપાયેલી છે તેમાં બારનાં જ નામ અપાયેલાં છે. એની પ્રસ્તાવના જોતાં એમ લાગે છે કે એટલાં જ નામો હાથપોથીમાં હતાં. પહેલી છનાં નામ નથી. સાતમી બત્રીસીનું નામ **વાદોપનિષદ્-દ્વાત્રિંશિકા** છે. આઠમીનું **વાદ-દ્વાત્રિંશિકા** અને નવમીનું **વેદવાદ-દ્વાત્રિંશિકા** છે. દશમીનું નામ નથી. એવી રીતે સત્તરમી અને અઢારમીનાં પણ નામ નથી. બાકીની-અગિયારમી વગેરેનાં નામ અનુક્રમે નીચે મુજબ છેઃ—

**ગુણવચન-દ્વાત્રિંશિકા, ન્યાય-દ્વાત્રિંશિકા, સાંખ્યપ્રબોધ-દ્વાત્રિંશિકા, વૈશેષિક-દ્વાત્રિંશિકા, બૌદ્ધસંતાના-દ્વાત્રિંશિકા, [1]નિયતિ-દ્વાત્રિંશિકા, નિશ્ચય-દ્વાત્રિંશિકા, દૃષ્ટિપ્રબોધ-દ્વાત્રિંશિકા** અને **મહાવીર-દ્વાત્રિંશિકા.**

૨૧ બત્રીસીમાં પહેલી પાંચ, ૧૧ મી અને ૨૧ મી એમ સાતનો વિષય સ્તુતિ છે. વિવિધ છંદોમાં રચાયેલી અગિયારમી બત્રીસી, કોઇ રાજાની સામે ઊભા રહીને **સિદ્ધસેને** એમની સ્તુતિ કરી હોય એવી જણાય છે; બાકીનીમાં મહાવીર-સ્વામીની સ્તુતિ છે. **પ્રભાવક-ચરિતમાં** જે **વીર-સ્તુતિની** નોંધ છે તે આમાંની એક છે કે કેમ એ જાણવું બાકી રહે છે.

છઠ્ઠી અને આઠમી દ્વાત્રિંશિકા સમીક્ષાત્મક છે. બાકીની બધી દાર્શનિક તેમજ વસ્તુ ચર્ચાત્મક છે. "અનેકાંત"( વ. ૨, પૃ. ૪૯૫-૪૯૬ )માં એવો ઉલ્લેખ છે કે સાત સ્તુત્યાત્મક છે, છઠ્ઠી ને સાતમી વાદને અંગેની છે અને બાકીની તેર દાર્શનિક છે.

આમાં જૈમિનીય-દર્શનને અંગે એકે બત્રીસી જણાતી નથી તો એ લુપ્ત બત્રીસીમાંની એક હશે.

'આલંકારિક પ્રતિભાસંપન્ન વિદ્વાન કવિને છાજે' એવી પ્રૌઢ અને ગંભીર કક્ષાની સંસ્કૃત ભાષામાં, [1]વિવિધ છંદોમાં સુશ્લિષ્ટ બંધવાળાં અને વૈદર્ભીપ્રાય રીતિને અનુસરનારાં પદ્યોમાં રચાયેલી તેમજ મહાન્ અર્થવડે સઘન અને સમૃદ્ધ બત્રીસી-ઓએ જૈન સમાજને **સિદ્ધસેન** દિવાકર તરફથી મળેલો મહામૂલ્ય વારસો છે. એનું વિશિષ્ટ સંપાદન સત્વર થવું ઘટે જેથી અન્યદર્શનીઓને પણ એનો લાભ મળે. આશા છે કે બહુશ્રુત વિશેષજ્ઞ આ બાબત જરૂર હાથ ધરશે અને જૈન શાસન અને સાહિત્યની ઉત્તમ સેવા બજાવ્યાનું પુણ્ય હાંસલ કરશે.[2]

મુદ્રિત બત્રીશીઓ પૈકી પહેલી વીસને અંગે કોઇ સંસ્કૃત ટીકા તો મળતી નથી. કોઇએ એ બધીને લોકગિરામાં ઉતારવા પ્રયત્ન કર્યો નથી. આ પરિસ્થિતિમાં પં. સુખલાલે જે કાર્ય કર્યું છે તે પ્રશંસનીય છે. એક તો એમણે પં. બેચરદાસની સાથે રહીને **સમ્મઇપયરણનાં** જે અનુવાદ, વિવેચન અને પ્રસ્તાવના તૈયાર કરી "સન્મતિ પ્રકરણ" એ નામથી પ્રસિદ્ધિમાં મૂક્યાં છે તેમાં પ્રસ્તાવનાનાં પૃ. ૧૦૩-૧૧૫ માં બત્રીસીઓના બાહ્ય કલેવર અને એના આભ્યંતર આત્મા વિષે વેધક અને પ્રેરક પ્રકાશ પાડ્યો છે.[3]

---

૧ આ દ્વાત્રિંશિકા એના નામને અનુરૂપ કેવી રીતે ગણાય એ પ્રશ્ન છે. એમાં 'નિયતિ' જેવો શબ્દ પણ નથી. આ શબ્દ ત્રીજી દ્વાત્રિંશિકા-( શ્લો. ૮ )માં છે.

૧ અનુષ્ટુભ્, આર્યા, ઇન્દ્રવજ્રા, ઉપજાતિ, ઉપેન્દ્રવજ્રા, પુષ્પિતાગ્રા, પૃથ્વી, ભુજંગપ્રયાત, મંદાક્રાંતા, વંશસ્થ, વસંતતિલકા, વૈતાલીય, શાર્દૂલવિક્રીડિત, શાલિની, શિખરિણી, સ્રગ્ધરા, હરિણી.

૨ આ બત્રીસીઓ દુર્બોધ છે એમ કહ્યા કરવાનો કશો અર્થ નથી. અજૈન વિદ્વાનોની સહાયતા લેવી પડે તો એ લઇને પણ આ કાર્ય સાંગોપાંગ પાર ઉતારાવું જોઇએ. અત્યારસુધી એ બાબત ઉપેક્ષા થઇ છે તેનો બદલો મળી જવો જોઇએ.

૩ આ સંબંધમાં પ્રસ્તાવના( પૃ. ૧૦૩ )માં એવો ઉલ્લેખ છે કે "અત્યારે બત્રીશીને લગતું અમારું બધું કથન આ શુદ્ધ, અશુદ્ધ અને અર્ધશુદ્ધ પાઠોની પૂરી ને અધૂરી અત્યાર સુધીની અમારી સમજને આધારે થયેલું છે. એમાં ફેરફાર અને સુધારાને ઘણો અવકાશ છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ષોડશમ્ નમિપ્રભ જિન સ્તવન.

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાકટર વલભદાસ નેણસીભાઇ-મોરબી. )

**નમિપ્રભ નમિપ્રભ પ્રભુજી વિનવું હોજી,**
**પામી પામી વર પ્રસ્તાવ ॥**
**જાણો છો જાણો છો વિણ વિનવે હોજી,**
**તો પણ દાસ સ્વભાવ—નમિપ્રભ ॥ ૧ ॥**

**સ્પષ્ટાર્થ:**–હે નમિપ્રભ! આપને આ જગત્ત્રયમાં પ્રભુ અથવા માલીક જાણી, અતિ દુઃપ્રાપ્ય આ મનુષ્ય ભવરૂપ ઉત્તમ અવસર પામી આપ પ્રતિ વિનંતિ કરું છું. હે દેવાધિદેવ! આપ અનંત જ્ઞાન યુક્ત હોવાથી અમારા વિનવ્યા વગર પણ અમારી ત્રણે કાલની સર્વે હકીકત પ્રત્યક્ષપણે જાણો છો તો પણ સેવકનો સ્વભાવ છે કે સ્વામી આગળ પોતાનું દુઃખ દૂર થવા માટે વિનંતિ કરે. ( ૧ )

**હું કર્તા, હું કર્તા, પરભવનો હોજી,**
**ભોક્તા પુદ્ગલ રૂપ ॥**
**ગ્રાહક ગ્રાહક, વ્યાપક મોહનો હોજી,**
**રાચ્યો જડ ભવ ભૂપ—નમિપ્રભ ॥ ૨ ॥**

**સ્પષ્ટાર્થ:**—હે પરમેશ્વર! આદિ વિભાગ યોગે હું મારા શુદ્ધાત્મ સ્વરૂપથી વિમુખ રહી, સ્વાભાવિક કર્તૃતા, ભોક્તૃતા, ગ્રાહક્તા, વ્યાપક્તા વિગેરેથી ચૂકી મારાથી વિપરીત, વિલક્ષણ, રૂપ, રસ, ગંધ–સ્પર્શાદિ ગુણમય અચેતન જે પુદ્ગલ દ્રવ્ય તેને ગ્રહણ કરવાનો કામી, તેને નવા નવા અનેક રૂપે બનાવવાનો અભિમાની, તેને ભોગવવાનો ઇચ્છક વિગેરે થઇ તેમાં જ નિરંતર વ્યાપી રહ્યો, એમ મારા સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવથી વિમુખપણે વર્તી, જડ સંગતે જડવત બની ભવસમુદ્રમાં ભ્રમણ કરવાને નિરંતર ઉદ્યુક્ત થઇ રહ્યો. ( ૨ )

**આતમ આતમ ધર્મ વિસારિયો હોજી,**
**સેવ્યો મિથ્યા માગ ॥**
**આસ્રવ, આસ્રવ બંધપણું કર્યું હોજી,**
**સંવર નિર્જરા ત્યાગ—નમિપ્રભ ॥ ૩ ॥**

**સ્પષ્ટાર્થ:**–રાગ દ્વેષાદિ વિભાગ રહિત સ્વપર–સ્વરૂપને યથાર્થ પ્રત્યક્ષપણે જાણવારૂપ શુદ્ધ કેવળજ્ઞાન, નિરાકારોપયોગ મળી કેવલ દર્શન–સ્વરૂપ રમણ–સ્વરૂપ સ્થિરતામય સમ્યક્ ચારિત્ર એ આદિ જ્ઞાનાનુયાયી–પણે વર્તતા શ્રદ્ધાત્મ સ્વભાવો કે જે આ સંસાર-સમુદ્રમાંથી મુક્ત કરી. અવ્યાબાધ સ્વતંત્ર, અખૂટ પરમાનંદ સમૂહનો નિધાન છે, તે શુદ્ધાત્મ ધર્મને મેં ન જાણ્યા–ન ચિંતવ્યા, ન આદર્યા; પણ તે શુદ્ધાત્મ ધર્મને મલિન કરનાર–દૂષવનાર, મિથ્યાત્વ–અજ્ઞાન અને કષાયરૂપ મિથ્યામાર્ગ ( વિપરીત આચરણ ) કે જે ઘોર અનંત દુઃખનું નિદાન છે તેનું મેં રુચિ સહિત સેવન કર્યું એ મિથ્યા માર્ગને સેવતાં આસ્રવ તથા બંધનો કર્તા થયો. મોક્ષ માર્ગરૂપ સંવર–નિર્જરાને આદરી શક્યો નહિ.

**આસ્રવ**–શુદ્ધાત્મ અનુભૂતિથી વિપરીત જે શુભા-શુભ પરિણામવડે જ્ઞાનાવરણાદિ કર્મનું આગમન તે આસ્રવ છે. મિથ્યાત્વ. અવિરતિ, કષાય આદિ જે આત્માના અશુદ્ધ પરિણામ તે ભાવાસ્રવ છે. અને તે ભાવાસ્રવના નિમિત્તવડે જ્ઞાનાવરણાદિ કર્મદલનું આવવું તે દ્રવ્યાસ્રવ છે.

**બંધ**—મિથ્યાત્વ–અવિરતિ–પ્રમાદ–કષાય અને યોગવડે પૂર્વકર્મ સાથે નવા કર્મનો સંબંધ તે બંધ છે. તે બંધ ચાર પ્રકારે છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બંધ તેમાં યોગવડે પ્રકૃતિ બંધ તથા પ્રદેશ બંધ થાય છે અને કષાયવડે સ્થિતિ બંધ, અનુભાગ બંધ થાય છે.

**વિશેષ વિવેચન:**–સ. જ્ઞાન. સ દર્શન. તથા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ. જ્ઞાની તથા સ. દર્શનીના પ્રતિકૂલ આચરણથી તથા સ. જ્ઞાન, સ. દર્શનને ઓળવવાથી, ગુરુને છુપાવવાથી તથા તેનો ઉપઘાત કરવાથી. તથા સ. જ્ઞાન, સ. દર્શન. તથા તેના સ્વામી, તથા, તેના કારણો ઉપર દ્વેષ–માત્સર્ય–ઇર્ષા કરવાથી. તથા જ્ઞાન–દર્શનમાં અંતરાય કરવાથી, જ્ઞાન–દર્શન તથા તેના સ્વામીની આશાતના કરવાથી, જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મનો બંધ થાય છે.

ઉન્માર્ગની દેશનાથી તથા સન્માર્ગનો ઘાત કરવાથી એ વિગેરે કારણોથી મિથ્યાત્વ મોહનીયનો બંધ થાય છે. ક્રોધાદિક કષાય તથા હાસ્યાદિ નોકષાયના સેવનથી ચારિત્ર મોહનો બંધ થાય છે.

મહાઆરંભ પરિગ્રહમાં તલ્લીનતા રૌદ્રધ્યાન તથા ઉગ્ર કષાયવડે નરકાયુનો બંધ થાય છે. ગૂઢ હૃદય–મૂર્ખતા, ધૂર્તતા તથા મિથ્યાત્વાદિ શલ્યવડે તિર્યંચ આયુનો બંધ થાય છે. અલ્પ કષાયતા, દાનરુચિ તથા મધ્યમ ગુણવડે મનુષ્ય આયુનો બંધ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ આદિ અવિરતિ ગુણવડે દેવાયુનો બંધ થાય છે.

બાલ તપ, અકામ નિર્જરા, સરલતા, અનાગારીપણું, વિગેરે ગુણવડે શુભ નામકર્મનો બંધ થાય છે. એથી વિપરીત આચરણવડે અશુભ નામકર્મનો બંધ થાય છે.

ગુણદૃષ્ટિ, મદરહિતતા, તત્ત્વ ભણવા–ભણાવવા ઉપર રુચિ, જિનભક્તિમાં મગ્નતા, વિગેરે ગુણવડે ઉચ્ચ ગોત્રનો બંધ થાય છે. એથી વિપરીત આચરણવડે નીચ ગોત્રનો બંધ થાય છે.

ગુર્વાદિકની ભક્તિ, ક્ષમા, કરુણા, વ્રત–સંયમ, યોગ, કષાય, વિજય, દાન–શીલાદિક ધર્મમાં દૃઢતા વિગેરે ગુણોથી શાતાવેદનીયનો બંધ થાય છે તેથી વિપરીત આચરણવડે અશાતાવેદનીયનો બંધ થાય છે એમ શુદ્ધોપયોગથી ચૂકી, અશુદ્ધોપયોગમાં વર્તતાં મોક્ષમાર્ગરૂપ સંવર તથા નિર્જરા તત્ત્વનો અનાદર કર્યો.

**સંવર:**–શુભાશુભ કર્માસ્રવનો નિરોધ તે સંવર છે. તે સંવરના હેતુ સમિતિ, ગુપ્તિ, પરિષહજય, યતિધર્મ–ભાવના તથા ચારિત્ર છે.

**નિર્જરા:**–શુદ્ધોપયોગ ભાવનાના સામર્થ્યવડે નીરસીભૂત કર્મ પુદ્ગલોનું એકદેશ ગળવું તે નિર્જરા–તેનો હેતુ તપ છે. "તપસા નિર્જરાચ" તથા સર્વ પરદ્રવ્યોની ઇચ્છાનો નિરોધ તે તપ છે "ઇચ્છાનિરોધસ્તપ:" તે ઇચ્છાનિરોધરૂપ ભાવયુક્ત તપ બે પ્રકારે છે–બાહ્ય અને અભ્યંતર. એમ છ પ્રકારે બાહ્ય ને છ પ્રકારે અભ્યંતર તપ છે. (૩)

**જડ ચલ જડ ચલ કર્મ જે દેહને હોજી,**
**જાણ્યું આતમ તત્વ ॥**
**બહિરાતમતા, બહિરાતમતા, મેં ગ્રહી હોજી,**
**ચતુરંગે એકત્વ—નમિપ્રભ. ॥ ૪ ॥**

**સ્પષ્ટાર્થ:**–જડ અર્થાત્ અચેતન, તથા ચલ અર્થાત્ ક્ષણભંગુર પાણીના પરપોટાવત્ અસ્થિર જે શરીર તેને મેં આત્મતત્વ જાણ્યું એટલે શરીરમાં જ અહંબુદ્ધિ કરી, શરીર તે જ હું છું એમ જાણ્યું. શરીર, વચન અને મનની ક્રિયાને મેં આત્મક્રિયા જાણી. યોગક્રિયાનું મમત્વ કર્યું. એમ મેં બહિરાત્મભાવનું ગ્રહણ કર્યું. આત્માથી અન્ય જે અચેતના જડ, ક્ષણભંગુર શરીર તેમાં અહંબુદ્ધિ તથા ધન, સ્વજન પરિજનાદિકની મમત્વબુદ્ધિ કરી આત્મસ્વરૂપથી અજાણ રહ્યો. મારા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવને ન જાણ્યા, પુદ્ગલના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવમાં, અહંમમત્વ માન્યું, જે ભાવ મારા અસ્તિધર્મમાં નથી તેને મેં મારા માન્યા, આત્મપ્રદેશથી બહારના પરક્ષેત્ર ભાવને મારા માન્યા, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્યથી રહિત રહ્યો. (૪)

**કેવલ કેવલ જ્ઞાન મહોદધિ હોજી,**
**કેવલ દંસણ બુદ્ધ ॥**
**વીરજ વીરજ અનંત સ્વભાવનો હોજી,**
**ચારિત્ત ક્ષાયક શુદ્ધ—નમિપ્રભ. ॥ ૫ ॥**

**સ્પષ્ટાર્થ**–પણ હે નમિપ્રભ જગતગુરુ! આપ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહિરાત્મ ભાવનો અત્યંત અભાવ કરી સર્વ દ્રવ્યને તેના ત્રિકાલવર્તી પર્યાયો સહિત એક સમયે પ્રત્યક્ષપણે જાણવા સમર્થ એવું જે કેવલજ્ઞાન તેના મહોદધિ અર્થાત્ મહાન સમુદ્રની પેઠે અખૂટ નિધાન થયા છો, તેમજ સામાન્ય સત્તા અવલોકનરૂપ કેવલ દર્શનના તથા કોઇ પણ કાલે જરા પણ હીણ-ક્ષીણ ન થાય એવું સહજ આત્મીય અનંત વીર્ય પ્રગટ કર્યું, પ્રાપ્ત કર્યું તથા ક્રોધાદિક સર્વે કષાયોનો અત્યંત અભાવ કરી ક્ષાયક ચારિત્ર પ્રાપ્ત કર્યું-પ્રગટ કર્યું, અનંત આત્મીય પરમાનંદના ભોક્તા થયા. (૫)

**વિશ્રામી વિશ્રામી નિજ ભાવના હોજી,**
**સ્યાદ્વાદી અપ્રમાદ ॥**
**પરમાતમ પરમાતમ પ્રભુ દેખતાં હોજી,**
**ભાગી ભ્રાંતિ અનાદિ ॥ ૬ ॥**

**સ્પષ્ટાર્થ**-તથા હે દયાનિધાન! આપ સર્વે પરદ્રવ્યોના ગુણપર્યાયોમાંથી રમણ તથા આરામ વિશ્રામનો ત્યાગ કરી પોતાના કેવલજ્ઞાનાદિ શુદ્ધ સ્વભાવમાં રમણ કરનારા સ્થિરતાપણે વિરાજમાન થયા છો. વળી હે ભગવંત! આપ સ્યાદ્વાદ ધર્મયુક્ત સદા છો અર્થાત્ સ્યાત્ અસ્તિ સ્વભાવવંત છો, સ્યાત્ નાસ્તિ સ્વભાવવંત છો, સ્યાત્ અનેક સ્વભાવવંત છો, સ્યાત્ વક્તવ્ય સ્વભાવવંત છો, સ્યાત્ અવક્તવ્ય સ્વભાવવંત છો, સ્યાત્ નિત્ય સ્વભાવવંત છો, સ્યાત્ અનિત્ય સ્વભાવવંત છો, સ્યાત્ ભવ્ય સ્વભાવવંત છો, સ્યાત્ અભવ્ય સ્વભાવવંત છો, વિગેરે અનંત સ્યાદ્વાદ ધર્મયુક્ત આપ સદાકાલ વિદ્યમાન છો તથા હે ભગવંત! આપ નિરંતર અપ્રમાદભાવમાં વર્તો છો. ક્ષણ માત્ર પણ પોતાના શુદ્ધાત્મ ધર્મથી ચ્યુત થતા નથી; કારણ કે પ્રમાદના હેતુ જે નિદ્રા, વિકથા, વિષય, કષાય, મદ, સ્નેહ વિગેરે છે તેનો આપે સર્વથા નાશ કરેલો છે તેથી હે પરમેશ્વર! આપ પરમાત્મપદને સંપૂર્ણ પ્રાપ્ત થયા છો. એવા આપ પરમાત્માનું સાચી રીતે દર્શન થતાં મારી અનાદિકાલની અનાત્મામાં આત્મપણાની ભ્રાંતિનો નાશ થયો. (૬)

**જિન સમ જિન સમ સત્તા ઓલખી હોજી,**
**તસુ પ્રાગ્ભાવની ઈહ ॥**
**અંતર અંતર આતમતા લહી હોજી,**
**પર પરિણતિ નિરીહ ॥ ૭ ॥**

**સ્પષ્ટાર્થ**-એમ હે પરમાત્મ! પ્રભુ કેવલજ્ઞાન-કેવલદર્શનાદિ અનંત શુદ્ધ ધર્મયુક્ત આપ સ્વજાતિનું યથાર્થ રીતે દર્શન થતાં મેં મારી સત્તાને આપ સમાન જાણી, સદ્દહી આપના કેવલજ્ઞાનાદિ શુદ્ધાત્મ ધર્મ મને રૂચ્યા, તે પ્રગટ કરવાની ઇચ્છા થઇ, પરિણતિથી વિરાગભાવ ઉપજ્યો, અંતર આત્માની પ્રાપ્તિ થઈ. (૭)

**પ્રતિછંદે, પ્રતિછંદે જિનરાજને હોજી,**
**કરતાં સાધક ભાવ; ॥**
**દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી,**
**શુદ્ધાતમ પ્રાગ્ભાવ—નમિપ્રભ. ॥ ૮ ॥**

**સ્પષ્ટાર્થ**-સ્તુતિકર્તા શ્રી દેવચંદ્ર મુનિ કહે છે કે-હે ભગવંત! આપ જેમ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગનો ત્યાગ કરી, પરમાત્મ અવસ્થાને પ્રાપ્ત થયા તેમજ હું જો આપ પ્રમાણે સાધકભાવ આદરું તો હું પણ નિઃસદેહ દેવમાં ચંદ્રમા સમાન પરમાત્મ પદનો આસ્વાદ લેનાર, ભોગવનાર થાઉં. શુદ્ધાત્મ ધર્મની સંપૂર્ણ પ્રગટતા થાય. (૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**India Office Library.**

COMMONWEALTH RELATIONS OFFICE

KING CHARLES STREET - LONDON - SW 1

*Whitehall 2323*

L 226/1951, Air Mail 31 October 1951

Dear Sir,

I am most grateful to you for your kind presentation of the Sanskrit books I enclose a formal acknowledgment of your gift.

The leaflet which you also sent regarding the microfilming of manuscripts from the Jina Bhadra Jnana Bhandar is most interesting. I hope to be able to arrange for India Office Library to purchase a set of these microfilms.

You may care to have the enclosed copy of the Library's Annual Report for the last financial year.

Yours very truly,
**S. C. Sutton.**
Librarian

Jain Euni Jambuvijayaji,
Jain Temple,
P. O. Malegaon City,
Bombay.

Your of the 28th october has juat reached the Library; we shall be replying shottly.

**ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરી**

**લંડન**

પત્રાંક ૨૨૬/૫૧. ૩૧-૧૦-૫૧

**આત્મપ્રિય મુનિશ્રી જંબુવિજયજી,**

આપના તરફથી સંસ્કૃત પુસ્તકો મોકલવામાં આવ્યા તે માટે આભાર માનું છું. અને તેની રીતસરની પહોંચ આ સાથે મોકલું છું.

"જિનભદ્ર જ્ઞાનભંડાર"માંના હસ્તલિખિત પ્રતોનાં "માઇક્રોફીલ્મીંગ" સંબંધે જે પત્રિકા આપે મોકલી છે તે પણ ઘણી જ સરસ છે, અને આ માઇક્રોફીલ્મીંગનો સેટ ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરી માટે ખરીદવાનો પ્રબંધ કરી શકીશ એવી આશા રાખું છું.

ગતવર્ષમાં લાઇબ્રેરીનો આવક જાવક દર્શાવતો વાર્ષિક રિપોર્ટ આ સાથે આપને મોકલું છું.

આપનો વિશ્વાસુ
**એસ. સી. સટન.**
લાઇબ્રેરીયન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**India Office Library.**
COMMONWEALTH RELATIONS OFFICE
KING CHARLES STREET - LONDON - SW 1
*Whitehall 2323*

31 October 1951

On behalf of the Secretary of State I acknowledge with sincere thanks the receipt of the Books named overleaf, which you have kindly presented to the India Office Library.

S. C. Sutton.
Librarian.

Jain Muni Jambuvijay,

1 Sri Vītarāga Mahādeva Stotram
2 Srī ṣaḍdarśanasamuccaya
3 Sastravārtta – samuccaya
4 Kumārapāla Caritra
5 Sūtrakṛtānga

ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરી

લંડન
૩૧–૧૦–૫૧

આત્મપ્રિય મુનિશ્રી જંબુવિજયજી.

નીચે જણાવેલા પુસ્તકો ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરીને આપે ભેટ તરીકે મોકલ્યાં છે તે માટે સેક્રેટરી ઓફ સ્ટેટ વતી હાર્દિક આભાર માનું છુ.

(१) श्री वीतराग महादेव स्तोत्र. (४) कुमारपाळ चरित्र.
(२) श्री षड्दर्शन समुच्चय. (५) सूत्रकृतांग.
(३) शास्त्र वार्ता समुच्चय.

આપનો વિશ્વાસુ
એસ. સી. સટન.
લાઇબ્રેરીયન

---

**India Office Library.**
COMMONWEALTH RELATIONS OFFICE
KING CHARLES STREET - LONDON - SW 1
*Whitehall 2323*

L 226/51, Air Mail 5 November 1951

Dear Sir,

Thank you for your letter of the 28th October.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



I am taking up with the Bibliotheque Nationale the question of the photographs, and will write to you again on this question in due course.

If you wish to make acknowledgment to the Library in your forthcoming book, it may be made to the Librarian, India Office Library, Commonwealth Relations Office, London.

You will no doubt already have received my letter of the 31st October acknowledging your generous presentation of Sanskrit volumes. We have also received the two volumes from the Jain Ātmānand Sabhā and I am wrting to thank them. It was most kind of you to arrange for this presentation.

Yours very truly,
**S. C. Sutton.**
Librarian

Jain Muni Jambuvijayaji,
Jain Temple,
P. O. Malegaon City,
Bombay.

**ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરી**

લંડન
પત્રાંક ૨૨૬/૫૧. ૫-૧૧-૫૧

**આત્મપ્રિય મુનિશ્રી જંબુવિજયજી.**

૨૮ મી ઓકટોબરના પત્ર માટે આપનો આભાર. "બિબ્લિઓથેક નેશનાલે" આ નામની પેરીસની સંસ્થા સાથે કેટલાક ટિબેટન પુસ્તકોનાં ફોટાઓ માટે મેં પૂછપરછ કરી છે, અને આ બાબતમાં ત્યાંથી જવાબ મળતાં તુર્ત આપને જણાવીશ.

આપના હવે પછીના ગ્રંથમાં લાઇબ્રેરીનો આભાર માનવા આપ ઇચ્છા રાખતા હો તો લંડન ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરીના લાઇબ્રેરીયનનો આભાર આપ માની શકો છો.

સંસ્કૃત ગ્રંથોની આપ આપે કરેલી ઉમદા ભેટના સ્વીકારનો તા. ૩૧-૧૦-૫૧ નો મારો પત્ર આપને જરૂર મળી ગયો હશે. ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પણ અમને બે ગ્રંથો મળ્યા છે. શ્રી જૈન આત્માનંદ સભાને પણ આભારનો જુદો પત્ર લખ્યો છે. આ ઉમદા ભેટ મોકલાવવાની આપે જે વ્યવસ્થા કરી છે તે માટે આભારી છું.

આપનો વિશ્વાસુ
**એસ. સી. સટન.**
લાઇબ્રેરીયન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરોગ્યની કુંચીઓ.

૧ હાંસી હાંસીને ખાવું નહિ, ભૂખ હોય તેનાથી અરધું કે પોણું ખાવું, તરસ લાગે ત્યારે પાણી પીવું, સોડા, લેમન, ચા, કોફી, બીડીઓ વગેરે વ્યસન પાડવાં નહિ, ૠતુ ૠતુનાં ફળ ખાવાં, અઠવાડીયામાં એક ટંક ઉપવાસ કરવો, નરણે કોઠે સવારમાં એક, બે પ્યાલા પાણી પી જવું, બજારુ ચીજ ઝાઝી ખાવી નહિ, અને ત્રણ કે ચાર વખત નિયમિત ખાવાની ટેવ પાડ્યા પછી વચમાં વચમાં આચરકૂચર ઝાઝું ન ખાવું.

૨ સાડા છથી સાત કલાક ઊંઘવું, કલેશ, કંકાસ કરવા નહિ, સંતોષી અને આનંદી થવું, કોઈની અદેખાઇ કરવી નહિ, સત્ય અને નીતિ અને પરોપકાર જીવનમાં ઉતારવાં, કર્તવ્યનિષ્ઠ થવું, જ્ઞાન, ચારિત્ર અને લોકસેવાથી તબિયત સારી રહે છે, હાસ્ય રસ કેળવવો.

૩ જરાક પણ તબિયત ઠીક નથી એમ લાગે એટલે અપવાસ ખેંચી કાઢવો, સારું સારું વાંચવું, અને સૃષ્ટિસૌન્દર્યનાં સ્થળોએ ફરવા જવું, દેશાટન, તીર્થ, સત્સંગ, સદાચાર, વગેરે તબિયતને ફાંકડી રાખે છે, અદેખાં, રોકકળ કરતાં, પાપી અને દુષ્ટ લોકો મને અને શરીરે પણ દુઃખી રહે છે.

૪ તન્દુરસ્ત રહેવાને માટે પહેલી કસરત છે. અખાડાની કસરતો દોડવાનું, ચાર પાંચ માઇલ ફરવાનું, રમત ગમત એ બધું સ્ત્રી, પુરુષો, બાળકો, વૃદ્ધો સુદ્ધાંને માટે ઉત્તમ છે, બહુ કોમળ કે લાડકવાયા ન બનવું. ખડતલ, જાત મહેનતમાં, મોટાઇ માનનારાં, પહાડ ઉપર ચડવાની મહેનત કરવાની ઘોડે બેસવાની ટેવોવાળા માણસ સાજાં રહે છે, ને દીર્ઘાયુ થાય છે. બેઠાખાઉ લોકોને ડાયાબિટિઝ–મીઠી પિસાબ, બ્લડ પ્રેસર, ને સંધિવા, દમ, વગેરે રોગો થાય છે, નિયમિત કસરત કરનાર ગમે તે રોગો સામે થઇ શકે છે.

૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, મનસા, વાચા, કર્મણા, ભણતાં સુધી બ્રહ્મચર્ય પાળશે તો શરીરે સુખી થશે.

૬ લગ્ન જીવનમાં એકપત્ની વ્રત અને એક–પતિ વ્રત પાળશે તો લગ્ન જીવનનાં વિશુદ્ધ સુખો એમને મળશે; પવિત્ર પ્રેમનો અનુભવ થશે અને ગહન ઊંડા અનુભવો એમને એવા સારા થશે કે આત્મ વિકાસનું ઉચ્ચ ફળ મેળવવા એ ભાગ્યશાળી થશે, સંતોષ, નીતિમય જીવન અને પવિત્રતાથી તબિયત સારી રહે છે.

( સંગ્રાહક : **શ્રીમતી કમલાબ્હેન સુતરીયા** એમ. એ. )

---


## દેવદ્રવ્યાદિસિદ્ધિ.

રચયિતા—**પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી.**

બે આનાની ટીકીટ મોકલવાથી નીચેના સરનામે લખવાથી ભેટ મળશે.

**શ્રી આત્મકમલ જૈન ગ્રંથમાલા ટેકરી તપગચ્છ અમર જૈન શાલા ખંભાત** (વાયા આણંદ) ગુજરાત.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## મુંબઈમાં થયેલું અપૂર્વ જ્ઞાન પૂજન.

તા. ૨૯–૬–૧૯૫૨ના રોજ શ્રી નેમિનાથ ભગવનના મંદિરના ઉપાશ્રયમાં આચાર્યદેવો શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા શ્રો અમૃતસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપણા નીચે હાલમાં શ્રી પ્રતિક્રમણ–પ્રબોધ બીજો ભાગ પ્રકટ થયેલો હોવાથી ( તેના પ્રયોજક શેઠ અમૃતલાલભાઇ કાળીદાસ દોશી બી. એ. અને તેના વિદ્વાન લેખક શાહ ધીરજલલ ટોકરશી છે ) તે સાહિત્ય ગ્રંથ પ્રકટ થતાં ઉપરોક્ત આચાર્ય મહારાજો અને હજારો માનવમેદની વચ્ચે આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના શુભહસ્તે પૂજન થયું હતું. જુદા જુદા વકતા તથા પ્રયોજક અમૃતલાલભાઇ તથા લેખક ધીરજલાલભાઇના ભાષણો થયા હતાં અને આ સાહિત્ય ગ્રંથની સાથે પ્રયોજક અને લેખકની પ્રશંસા કરવા સાથે ધન્યવાદ આપવામાં આવ્યો હતો. પ્રયોજક શેઠ અમૃતલાલભાઈએ તેને પ્રકટ કરવામાં પોતાની સુકૃત લક્ષ્મીનો છુટથી ઉપયોગ કર્યો હતો. તેઓશ્રીએ સર્વનો આભાર માન્યા પછી પોતાનું ધારેલું સ્વપ્ન સિદ્ધ થયેલું હોવાથી બોલતાં બોલતાં હર્ષના આંસુ આવ્યા હતા. મેં જે કલમ ઉપાડી છે તે વીતરાગ દેવની સેવા કરવા ઉપાડી છે તેમ ધીરૂભાઈએ પોતાની ભાવના જણાવી હતી ત્યાર બાદ મેળાવડો વિસરજન થયો હતો અહિં બે વિશિષ્ટતા હતી એક જ્ઞાનપૂજન બીજું ત્રણ આચાર્ય દેવો એક સાથે પાટે બિરાજમાન થયા તે હતું.

---

### —: મુંબઇ :—

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરિજી મહારાજની નિશ્રામાં આષાઢ સુદિ બીજથી પીસ્તાલીશ આગમ અને અઠ્ઠાવીશ લબ્ધિની આરાધના નિમિત્તે તપશ્ચર્યા ચાલી રહી છે. ક્રિયા આચાર્યશ્રીજીની આજ્ઞાથી ઉપાધ્યાયજી શ્રો સમુદ્રવિજયજી મહારાજ કરાવે છે.

### —: ભાગવતી દીક્ષા :—

વલદરા (મારવાડ) નિવાસી બાબુલાલ ભૂતાજીને બે ત્રણ વર્ષથી દીક્ષા લેવાની ભાવના થઇ રહી હતી પરંતુ યુગવીર આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ મુંબઈ પધારેલા હોઇ હજારીમલજી, ચંદનમલજી આદિ ભાઇઓને સાથે લઇ આવી આચાર્યશ્રીજીના પુનીત ચરણોમાં ઉપસ્થિત થઇ દીક્ષા પ્રદાન કરવા વિનંતી કરી, અને પોતાના ગામ જઇ પિતાની આજ્ઞા અને પોતાના ભાઇ ગુલાબચંદજી આદિની સંમતિ પણ મેળવી લીધી. આથી કૃપાલુ આચાર્યદેવે આષાઢ સુદિ ૧૩ શનિવારે સવારે નવ વાગ્યે આદીશ્વરજી જૈન ધર્મશાળાથી દીક્ષાનો વરઘોડો ધામધૂમથી ચઢાવવામાં આવ્યો, અને લગભગ અગિયાર વાગ્યે ગોડીજી મહારાજના ઉપાશ્રયે આવી પહોંચતાં આચાર્યશ્રીજીના સાનિધ્યમાં આચાર્યશ્રીજીની આજ્ઞાથી ઉપાધ્યાયજી **શ્રી સમુદ્રવિજયજી મહારાજે** દીક્ષાની ક્રિયા કરાવી. દીક્ષા પ્રદાન કરી ઉપાધ્યાયજી **શ્રી સમુદ્રવિજયજી** મહારાજના શિષ્ય તરીકે જાહેર કરી નામ ' **સમતા વિજયજી** ' જાહેર કરવામાં આવ્યું. અંતે આચાર્યશ્રીજીએ દીક્ષાનું મહત્વ સમજાવી શાસ્ત્રોમાં આવેલ પંચ મહાવ્રત વૃદ્ધિ માટે ચારિત્રમાં સ્થિર રહી આત્મકલ્યાણ સાધવા માટે ઉપદેશ આપ્યો.

---

## —: ચાતુર્માસ :—

| | | |
|---|---|---|
| **મુંબઇ, ૩, ગોડીજી મહારાજનો ઉપાશ્રય પાયધુની નં. ૧૨.** | ૩ મુનિરાજશ્રી વિચારાવજયજી ,, | ૮ ,, જનકવિજયજી ,, |
| | ૪ ,, શિવવિજયજી ,, | ૯ ,, બલવંતવિજયજી,, |
| ૧ પંજાબ કેસરી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજ | ૫ ,, વિશુદ્ધવિજયજી ,, | ૧૦ ,, વસંતવિજયજી ,, |
| | ૬ ,, ઇંદ્રવિજયજી ,, | ૧૧ ,, ન્યાયવિજયજી ,, |
| ૨ ઉપાધ્યાયજી શ્રીસમુદ્રવિજયજી મ. | ૭ ,, વિશારદવિજયજી,, | ૧૨ ,, પ્રીતિવિજયજી ,, |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ ,, નિતિવિજયજી ,,
૧૪ ,, સમતાવિજયજી ,,

દાદર ( મુંબઇ )
૧ ઉપાધ્યાય શ્રી પૂર્ણાનંદવિજયજી
૨ મુનિરાજશ્રી હ્રીંકારવિજયજી મ.

મલાડ ( મુંબઇ )
૧ મુનિરાજશ્રી પ્રકાશવિજયજી મ.
૨ ,, નંદનવિજયજી ,,

વડોદરા
૧ આચાર્ય શ્રી ઉમંગસૂરિજી મ.
૨ પંન્યાસ ,, ઉદયવિજયજી ,,
૩ મુનિરાજ ,, રવિવિજયજી ,,
૪ ,, હેમવિજયજી ,,

દિલ્હી
પંન્યાસ શ્રી વિકાસવિજયજીના
હીરવિજયજી મ.
મુનિરાજશ્રી વિબુધવિજયજી દુધોડ.
,, સંતોવિજયજી,
મિત્રવિજયજી ડભોડા.

પાલીતાણા
૧ સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી
વિનયવિજયજી મહારાજ
૨ મુનિરાજશ્રી નરેન્દ્રવિજયજી મ.
૩ ,, જિતેન્દ્રવિજયજી ,,
૪ ,, જયવિજયજી ,,
૫ ,, હીંમતવિજયજી ,,

પાલીતાણા
પર્વતની સાધ્વીજી શ્રી હેમશ્રીજી,
વિવેકશ્રીજી, ચંપાશ્રીજી, પુણ્યશ્રીજી
આદિ

વડોદરા
સાધ્વીજી શ્રી કપુરશ્રીજી આદિ ૧૬

જંબુસર
સાધ્વીજી શ્રી હેમશ્રીજી આદિ ૫

સુરત
સાધ્વીજી શ્રી ચિત્તશ્રીજી આદિ૧૪

મુંબઇ
સાધ્વીજી શ્રી કુસુમશ્રીજી આદિ ૫

જોધપુર
સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી આદિ ૪

શીરોહી
સાધ્વીજી શ્રી માણેકશ્રીજી આદિ ૪

દમણ
સાધ્વીજી શ્રી તરુણશ્રીજી આદિ

ડભોઇ
સાધ્વીજી શ્રી માણેકશ્રીજી આદિ

નવાડીસા
સાધ્વીજી શ્રી હેતશ્રીજી આદિ

અમદાવાદ
સાધ્વીજી શ્રી વસંતશ્રીજી આદિ ૭
પંન્યાસ શ્રી નેમવિજયજી મ.

નવાડીસા
મુનિશ્રી ચંદનવિજયજી મહારાજ

---

## સ્થિતપ્રજ્ઞપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની પવિત્ર વિચારશ્રેણિ

# અહિંસા

(સં૦—શ્રી પુણ્યવિજયજી મહારાજ)

દયા એ જ ધર્મનું સ્વરૂપ છે. જ્યાં દયા નથી, ત્યાં ધર્મ નથી.

મહારંભી–હિંસાયુક્ત–વ્યાપારમાં આજે પડવું હોય તો અટકજે.

બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઇનો જીવ જતો હોય, તો અટકજે.

પરહિત એ જ નિજહિત સમજવું, અને પર-દુઃખ પોતાનું સમજવું.

પ્રથમ સ્થાનમાં ભ૦ મહાવીરદેવે સર્વ આત્માથી સંયમરૂપ નિપુણ અહિંસા દેખીને ઉપદેશી. સર્વ જીવને પોતાનાં આત્મા સમાન લેખે સર્વ જીવો જીવિતને ઇચ્છે છે, મરણને ઇચ્છતા નથી. એ કારણથી જગતમાં જેટલા ત્રસ અને થાવર પ્રાણીઓ છે, તેને જાણતાં અજાણતાં હણવા નહિ.

પોતાને માટે કે પરને માટે ક્રોધથી કે ભયથી પ્રાણીઓને કષ્ટ થાય તેવું અસત્ય બોલવું નહિ. પ્રાણીને તે અવિશ્વાસ ઉપજાવે છે તે માટે તેનો ત્યાગ કરવો. મહારૌદ્ર એવું અબ્રહ્મચર્ય, પ્રમાદને રહેવાનું સ્થળ, ચારિત્રનો નાશ કરનાર તે આ જગતમાં ( મુનિ ) આચરે નહિ. જે વસ્ત્રપાત્ર છે, તે સયમની રક્ષા માટે થઇને ધારણ કરે. સંયમની રક્ષા અર્થે રાખવા પડે તેને પરિગ્રહ ન કહેવો, પણ મુર્ચ્છાને પરિગ્રહ કહેવો એમ પૂર્વમહર્ષિઓ કહે છે.

તત્ત્વજ્ઞાનને પામેલા મનુષ્યો છ કાય જીવોના રક્ષણને માટે થઇને તેટલો પરિગ્રહ માત્ર રાખે, બાકી પોતાના દેહમાં મમત્વ આચરે નહિ. નિરંતર તપશ્ચર્યા, સંયમને અવિરોધક ઉપજીવનરૂપ એક વખતનો આહાર લેવો. હિંસાદિક દોષો દેખીને જ્ઞાતપુત્ર ભગવાને એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેસ્યું કે સર્વ પ્રકારના આહાર રાત્રિએ ભોગવે નહિ.

પ્રથમ જ્ઞાન અને પછી દયા, અજ્ઞાની શું કરે, કે જો તે કલ્યાણ કે પાપ જાણતો નથી ? શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઇએ, પાપને જાણવું જોઇએ. જાણ્યા પછી જે શ્રેય હોય તે સમાચરવું જોઇએ.

'ઇનોકયુલેશન' મરકીની રસી. રસીના નામે દાક્તરોએ આ ધતિંગ ઉભું કર્યું છે. બિચારા અશ્વાદિને રસીના બહાને રિબાવી મારી નાંખે છે. હિંસા કરી પાપને પોષે છે. પાપ ઉપાર્જે છે. પૂર્વે પાપાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું છે, તે યોગે વર્તમાનમાં તે પુણ્ય ભોગવે છે. પણ પરિણામે પાપ વહોરે છે, તે બિચારા દાક્તરોને ખબર નથી. રસીથી દર્દ દૂર થાય ત્યારની વાત ત્યારે; અત્યારે હિંસા પ્રગટ છે. રસીથી એક કાઢતાં બીજું દર્દ ઉભું થાય.

જેવી દષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ. આ દેહમાં વિશેષબુદ્ધિ અને બીજા દેહની પ્રત્યે વિષમબુદ્ધિ ઘણું કરીને કયારેય થઇ શકતી નથી.

## સ્વીકાર–સમાલોચના

**ધર્મબોધ ગ્રંથમાળાના** પુષ્પ ૬-૭-૮-૯-૧૦ એ પાંચ ભાગો આ સભાની લાઇબ્રેરી માટે ભેટ મળ્યા છે. અનુક્રમે **સુધર્મ શ્રદ્ધા અને શક્તિ** (સમ્યગ્દર્શન,) **જ્ઞાનોપાસના** (જ્ઞાનનું સ્વરૂપ) **ચારિત્ર વિચાર** (ચારિત્રનું સ્વરૂપ અને દાન **દેતાં શીખો**) (દાનનું સ્વરૂપ એ પાંચ વિષયો ઉપર લેખક ધીરજલાલ ટોકરશી શાહે અભ્યાસના પરિપાકવડે સારો પ્રકાશ પાડયો છે. વાંચવા જેવી શ્રેણી તૈયાર થઇ છે. પ્રકાશક–શ્રી મુક્તિ–કમળ–જૈન–મોહન ગ્રંથમાળા સંસ્થા તરફથી પ્રગટ થયેલ છે–ઠે. વડોદરા ઘીકાંટાથી મળશે. દરેકની કિંમત દશ આના.

### શાહ મણિલાલ મોહનલાલનો સ્વર્ગવાસ.

શુમારે બાવન વર્ષની વયે અસાડ શુદ ૩ ના રોજ માત્ર ત્રણ દિવસની બિમારી ભોગવી પંચત્વ પામેલા છે. તેઓ અહિંના જૈન ખાનદાન દેવજી ઝુંઝાના કુટુંબમાં જન્મયા હતા. કેટલાક વર્ષેથી સામાન્ય બિમારી ભોગવતા હતા અને કુટુંબનું ભરણ પોષણ કરતા હતા ધર્મશ્રદ્ધાળુ સરલ હૃદયી, મિલનસાર હતા. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. આવા એક સરલ હૃદયી સભાસદ બંધુના સ્વર્ગવાસથી એક સારા સભ્યની ખોટ પડી છે, તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીએ.

### શ્રીયુત જીવરાજભાઈ ઓધવજીનો સ્વર્ગવાસ.

કેટલાક વખતથી સામાન્ય બિમારી ભોગવી શુમારે છોતેર વર્ષની વૃદ્ધ વયે અશાડ શુદ ૬ ના રોજ પંચત્વ પામ્યા છે. શ્રી જીવરાજભાઇ પાંત્રીશ વર્ષ સુધી ભાવનગર રાજ્યમાં ન્યાયધીશ તરીકે રહ્યા હતા અને નિવૃત થયા પછી પ્રથમ પાંજરાપોળના કેટલોક વખત પ્રમુખ થયા હતા અને અત્યારસુધી શ્રી જૈનધર્મ પ્રસારક સભાના પ્રમુખ અને જૈનબોર્ડીંગના સેક્રેટરી તરીકે યથાશક્તિ સેવા આપતા હતા. જૈન સાહિત્ય વાંચવાનો શોખ હોવાથી કાયમ તેના અભ્યાસી હતા; અને તેના પરિપાકવડે ધાર્મિક લેખો પણ લખતા હતા. વિદ્વાન હતા. આ સભાના તેઓ લાઇફ મેમ્બર હતા. સ્વભાવે મિલનસાર હતા. તેઓના સ્વર્ગવાસ થવાથી અહિંની જૈનસમાજ અને આ સભાને ખોટ પડી છે. તેવો કાર્યકર પણ હાલ દેખાતો નથી. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૫૧-૫૨

સંવત ૨૦૦૭/૮



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૪૯ મું. )

( સં. ૨૦૦૭ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૮ ના અષાડ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.

卐

### ૧. પદ્ય વિભાગ.


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | નવા વર્ષ માટે પ્રાર્થના | ( ઉપાધ્યાય મહેન્દ્રસાગરજી ) | ૧ |
| ૨ | મહાવીર સ્તવન | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૭ |
| ૩ | તું હી દુઃખમાં રે દિલાસો | ( સ્વ. ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી ) | ૨૬ |
| ૪ | સામાન્ય જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી ) | ૩૭ |
| ૫ | નૂતન વર્ષે શુભાશીષ | ( મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી ) | ૫૩ |
| ૬ | ગૌતમ નિર્વેદ સ્તવન | ( સાધ્વી શ્રી આનંદશ્રીજી ) | ૫૪ |
| ૭ | શ્રી પાર્શ્વ જિનેશ્વર સ્તવન | ( મુનિરાજ જંબૂવિજયજી મહારાજ ) | ૬૯ |
| ૮ | વિજયાનંદસૂરીશ્વર તમને લાખો પ્રણામ | ( શાહ મોહનલાલ હ. શીહોરી ) | ૭૦ |
| ૯ | સામાન્ય જિન સ્તવન | ( પં. શ્રી દક્ષવિજયજી ગણિ ) | ૯૨ |
| ૧૦ | જૈન ધર્મ પ્રભાકર | ( અમરચંદ માવજી શાહ ) | ૧૦૮ |
| ૧૧ | સામાન્ય જિન સ્તવન | ( પં. શ્રી દક્ષવિજયજી ગણિ ) | ૧૦૮ |
| ૧૨ | સામાન્ય જિન સ્તવન | ( પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) | ૧૨૫ |
| ૧૩ | શ્રી મહાવીર સ્વામીનું હાલરડું | ( નેમિ–લાવણ્ય–દક્ષ ) | ૧૩૩ |
| ૧૪ | શ્રી મહાવીર જિન સ્તવન | ( જવાનમલ ફુલચંદ નાગોત્રા ) | ૧૩૪ |
| ૧૫ | સામાન્ય જિન સ્તવન | ( પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) | ૧૪૫ |
| ૧૬ | ગુરુગુણ કીર્તન | ( શ્રી પાદરાકર ) | ૧૪૬ |
| ૧૭ | સામાન્ય જિન સ્તવન | ( શ્રી વિજયલબ્ધિસૂરિ મ. ) | ૧૬૫ |
| ૧૮ | શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી મ. ) | ૧૬૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૨. ગદ્ય વિભાગ.


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) | ૨ |
| ૨ | શાંતિથી વિચારવા યોગ્ય | ( શ્રીમતી કમળાબ્હેન એમ. એ. ) | ૧૦, ૧ |
| ૩ | નયચક્રગ્રંથ અને બૌદ્ધ સાહિત્ય | ( મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૧૧, ૧૮ |
| ૪ | શંકા અને સમાધાન | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) | ૧૩, ૨૭ |
| ૫ | સ્વીકાર–સમાલોચના | | ૧૫, ૩૫, ૫૧, ૮૨, ૧૦૫, ૧૨૩, ૧૪૨, ૧૫૭, ૧૭૮ |
| ૬ | વર્તમાન સમાચાર | | ૧૬, ૩૩, ૫૦, ૬૬, ૮૨, ૧૨૧, ૧૩૭, ૧૪૮, ૧૭૬ |
| ૭ | અમારા સાહિત્ય પ્રકાશન માટે અભિપ્રાય | ( મુનિશ્રી ભાસ્કરવિજયજી ) | ૨૧ |
| ૮ | અષ્ટમ શ્રી અનંતવીર્ય જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૨૨ |
| ૯ | કલ્યાણ સૂત્રો | ( મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૩૦ |
| ૧૦ | સકલ શ્રી સંઘને સૂચના | ( આ. શ્રી વિજયવલ્લભસૂરિજી ) | ૩૨ |
| ૧૧ | સુબોધ માળા | ( આ. મ. શ્રી વિજય કસ્તૂરસૂરિજી ) | ૩૮ |
| ૧૨ | ક્ષણિક અને અક્ષણિક શું છે ? | ( શ્રી સુધાકર ) | ૪૦ |
| ૧૩ | **लोग विरुद्धचाओ** | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા. એમ. એ. ) | ૪૩ |
| ૧૪ | વિકારોથી મુક્તિ એજ મુક્તિ | ( કુ. કમળાબ્હેન એમ. એ. ) | ૪૫ |
| ૧૫ | નવમ શ્રી સૂરપ્રભ જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૪૬ |
| ૧૬ | નયચક્રવૃત્તિ અને આર્યદેવ | ( મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૫૫ |
| ૧૭ | પરમાત્માનો મહિમા | ( વૈદ્ય કવિ વેલજીભાઇ ( અચ્છાબાબા ) | ૫૯ |
| ૧૮ | પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી તથા મુનિરાજ શ્રી જંબૂવિજયજીના કાર્યની પ્રશંસા | ( પં. શ્રી સુખલાલજી ) | ૬૧ |
| ૧૯ | અજિય સંતિથય અજિતશાંતિ સ્તવન અને એનાં અનુકરણો. | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. ) | ૬૨ |
| ૨૦ | કલ્યાણ સૂત્રો | ( મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજી મહારાજ ) | ૬૪ |
| ૨૧ | ભારત વર્ષની રાજધાનીમાં પ્રાચીન પ્રતોનું પ્રદર્શન ) | ( શ્રી વી. એસ. અગ્રવાલા પ્રદર્શન–અધ્યક્ષ ) | ૭૪ |
| ૨૨ | ધર્મ, ધંધો નથી | ( આ. શ્રી વિજય કસ્તૂરસૂરિજી મહારાજ ) | ૭૭ |
| ૨૩ | જૈન શાસનના જ્યોતિંધરને અન્યાય | ( મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ ) | ૭૯ |
| ૨૪ | આપણા અને પરમાત્મા વચ્ચે આપણો અહંકાર અંતરાય છે. | ( કુ. કમળા બ્હેન સુતરીયા એમ. એ. ) | ૮૧ |
| ૨૫ | સોનેરી સુવાક્યો | ( વૈદ્ય કવિ વેલજીભાઇ ) | ૮૨ |
| ૨૬ | આ. મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજીનો પૂનિત વિહાર અને આત્મ–કાન્તિજ્ઞાન મંદિરનો ઉદ્ઘાટન મહોત્સવ | | ૮૫ |
| ૨૭ | શાસ્ત્રોના મહાન સંશોધક સાક્ષાર શિરોમણિ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે જેસલમેરના પ્રાચીન જૈન ભંડારોની કરેલ અનુપમ ઉદ્ધાર, વ્યવસ્થા અને કાર્યવાહીનીની ખાસ નોંધ. | | ૯૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




નંબર. વિષય. લેખક. પૃષ્ઠ.

૨૮ પાલીતાણાના જાણવાજોગ સમાચાર અને આ. ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની વિહાર તૈયારી ૯૯

૨૯ પાલીતાણાથી આચાર્ય મહારાજે કરેલો વિહાર ૧૦૧

૩૦ ભાવનગર વડવા જૈન સમાજની પ્રશંસનીય ગુરુ ભક્તિ ૧૦૬

૩૧ આ. ભગવાન મલ્લવાદિ ક્ષમાશ્રમણ અને ભર્તૃહરિનો સમય ( પૂ. મુનિરાજશ્રી જંબૂવિજય મહારાજ ) ૧૧૦

૩૨ આ સભાની કાર્યવાહી માટે અભિપ્રાય ( શાહ ચીમનલાલ મગનલાલ ) ૧૧૪

૩૩ શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ અને તેના અભ્યાસ માટેના સાધનો ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. ) ૧૧૫, ૧૨૭, ૧૪૭, ૧૬૭

૩૪ ત્રયોદશમ ચંદ્રબાહુ જિન સ્તવન ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ) ૧૧૭

૩૫ માનવ દેહ ( શ્રીમતી કમળા બ્હેન સુતરીયા એમ. એ. ) ૧૧૯

૩૬ સભા તરફથી શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) કથા સાહિત્ય પ્રકટ થયેલ ગ્રંથ સંબંધી મળેલ અભિપ્રાય ૧૨૦

૩૭ બોધશતક ( પૂ. આ. શ્રી વિજયકસ્તૂરવિજયજી મહારાજ ) ૧૨૬-૧૪૬-૧૬૬

૩૮ ચતુર્દશમ શ્રી ભુજંગસ્વામી જિનસ્તવન ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ) ૧૩૦

૩૯ જૈન સાહિત્યના પ્રચાર માટે જૈન સમાજે પ્રયત્નશીલ થવું જોઈએ. ૧૩૫

૪૦ આ સભાના ( કથારત્નકોશ ગ્રંથ ) સાહિત્ય માટે અભિપ્રાય ૧૩૬

૪૧ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો ૫૫ મા વર્ષનો રીપોર્ટ. ૧ થી ૧૪

૪૨ પંચદશમ શ્રી ઈશ્વરદેવ જિન સ્તવન ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ) ૧૫૦

૪૩ ઇન્ડીઆ ઓફીસ સાથે મુનિશ્રી જંબૂવિજયજીનો પત્ર વ્યવહાર ૧૫૫

૪૪ અપૂર્વ દીક્ષા મહોત્સવ ૧૫૬

૪૫ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું ૧૯ મું અધિવેશન અને સુવર્ણ જયંતિ ( મુંબઈ ) ૧૬૧

૪૬ ષોડશમ્ શ્રી નમિપ્રભ જિન સ્તવન ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ) ૧૬૯

૪૭ અમારા અને અન્ય સાહિત્ય સંબંધી બ્રીટીશ સરકાર લાઇબ્રેરીના મેનેજરના પત્રો. ૧૭૨

૪૮ આરોગ્યની કુંચીઓ ( શ્રી કમળાબ્હેન સુ૦ એમ. એ. ) ૧૭૫

૪૯ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિ૦ મ૦ ના પરિવારના ચાતુર્માસો ૧૭૬

૫૦ અહિંસા ( સં. પુણ્યવિજયજી મ૦ ) ૧૭૭




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર )** ફરીથી છપાવી શકાતું નથી.

**( શ્રી અમરચંદ્રાચાર્યકૃત )**

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઇથી મનન કરી કંઠાગ્ર થઈ શકે અને મોટી ઉમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેવો આ ગ્રંથ છે. જેમાં જોઇએ તેટલું અને કંઠાગ્ર થઈ શકે તેટલું જ ચરિત્ર વર્ણન આપવામાં આવેલું છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દશ્ય ફોટો આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્ય કૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઇન્દ્ર મહારાજની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમા શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇંડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર તૈયાર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂા. ૬–૦–૦ (પોસ્ટેજ જુદું)

---

**શ્રી દેવભદ્રાચાર્ય કૃત–**

## શ્રી કથારત્નકોષ ગ્રંથ ( અનુવાદ ) ( ભાગ ૧ લો )

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચવા સાંભળવામાં આવેલી જે જે ગુણો સાથે વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાએ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિતું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, આપઘાતના દોષો, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, અતિથિસત્કારાદિ અનેક વિષયો, છીંકવિચાર, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે લોકમાનસને આકર્ષક સ્થૂલ વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ, સુભાષિતો આદિ વિવિધ વિષયો આપવામાં આવ્યા છે. જેથી કર્ત્તા આચાર્યમહારાજ કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમની આ કૃતિ પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર એટલી બધી છે કે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

આ ગ્રંથ ઘણો જ મ્હોટો હોવાથી બે ભાગમાં પ્રકાશન કરવાનો હોવાથી આ તેનો પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે, જેથી ગ્રંથકર્ત્તા પૂર્વાચાર્ય અને સંપાદક મહાત્માશ્રીની વિદ્વત્તા માટે અપૂર્વમાન વાંચકને ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિં.

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ કાઉન આઠ પેજીમાં વિવિધ-રંગીન કવરજેકેટ મજબૂત બાઈંડીંગથી વધતી જતી સખ્ત છાપકામની મોંઘવારી છતાં સુંદરમાં સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવનાર આવો ગ્રંથ હજી કોઈ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલૂમ પડશે. કિંમત રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, પ્રાચીન કલાના દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇન્ડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઈ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઈ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
## શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં [illegible] જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, **જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ ( મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩)**

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only